# શહેરમાં રથયાત્રાને મીની રૂટને મંજુરી

## સે-૨૨ પંચદેવ મંદિરથી સેકટરના રીંગ રોડ પર આગળ વધીને સે-૨૨ : ૨૯ પાસે થઇ સે-૨૧ વૈજનાથ મંદિર પહોંચશે જયાં આરતી બાદ ભગવાન જગન્નાથજીની રથયાત્રા સવારે ૯ કલાકે નિજમંદિર પરત આવશે : સરકારની ગાઇડલાઇનનુ યોગ્ય પાલન કરાશે

ગાંધીનગર તા ૧૧


ભગવાન જગન્નાથજીની રથયાત્રાના આયોજન માટે મોડી સાંજે મંજુરી અપાતા ભાવિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરથી સવારે ભગવાનની આરતી અને પુજાવિધી બાદ સવારે ૭ કલાકે પ્રસ્થાન કરશે જયારે માત્ર ૨.૭૫ કીમીના રૂટમાં રથયાત્રા નગરચર્યા કરીને નિજમંદિરે પરત ફરશે. રથયાત્રાના રૂટને અનુલક્ષીને પોલીસે પણ રૂટનુ નિરિક્ષણ કર્યુ હતુ. રથયાત્રાનો રૂટ ટુંકાવી દેવાયો છે. રથયાત્રા સે-૨૧ સ્થિત વૈજનાથ મંદિરથી નિજમંદિર પરત આવશે. જયારે રથયાત્રા દરમિયાન પ્રસાદનુ વિતરણ પણ કરવામાં આવશે નહી તેમજ સરકારની ગાઈડલાઈનનુ પણ પાલન કરવામાં આવશે. રથયાત્રાના આયોજનને અનુલક્ષી પંચદેવ મંદિરના યુવકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. યુવક મંડળના ૨૦ યુવાનો રથ ખેંચશે તેમજ અન્ય ૨૦ ની ટીમ રથને કોર્ડન કરી રથ આગળ વધારશે.

કોરોના કાળમાં ગત વર્ષે પણ પ્રતિકાત્મક રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. મંદિરને એક ગેટ પરથી નિકળી બીજા ગેટ પરથી ભગવાનનો રથ અંદર પ્રવેશ્યો હતો. જયારે આ વર્ષે પણ આગળના દિવસ સુધી રથયાત્રાના આયોજન માટે કોઈપણ પ્રકારની મંજુરી ન મળતા ભાવિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો. એક તબક્કે તંત્ર દ્વારા પણ રથયાત્રાના આયોજન માટે મંજુરી ન અપાતા રથયાત્રા સમિતિએ પણ પ્રતિકાત્મક રથયાત્રા યોજવા તૈયારી કરી લીધી હતી. રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ પણ રથયાત્રાની મંજુરી ન અપાતા ભકતોના મન દુભાયા હોવાની લાગણી વ્યકત કરી હતી. બીજીતરફ આજે મોડીસાંજે રથયાત્રાનો રૂટ ટુંકાવી આયોજન માટે મંજુરી અપાતા સમિતિએ પણ ફરી એકવાર રૂટમાં ફેરફાર કર્યો છે. હવે ભગવાનની રથયાત્રા સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી નિકળીને સે-૨૨ ના રીંગ રોડ પરથી પસાર થઈને સે-૨૨ :૨૯ થઈને સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર તરફ આગળ વધશે. જયારે વૈજનાથ મહાદેવ મંદિર પાસે ભગવાનના રથની આરતી પુજા થશે જયાંથી રથયાત્રા પંચદેવ મંદિર પરત આવશે. દિવસ દરમિયાન ભાવિકો રથના દર્શન કરી શકશે. કોરોના કાળમાં રથયાત્રાના ૩૧ કી મી ના રૂટને ટુંકાવીને માત્ર ૨.૭૫ કી મી કરી દેવાયો છે. ભગવાનની યાત્રા દરમિયાન એક પણ ભજન મંડળી કે વધારાના વાહનો જોડાશે નહીં જયારે રથયાત્રા દરમિયાન પ્રસાદનુ પણ વિતરણ કરવામાં આવશે નહીં. રથયાત્રા મીની રૂટમાં આગળ વધીને નિજમંદિર પહોંચશે. પોલીસે સાંજના રૂટનુ નિરિક્ષણ પણ કરી લીધુ છે.

### ભગવાનને પ્રિય એવા વાંસ કદંબ અને તુલસી સોપારીના રોપાઓની વાવણી કરાશે

ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે પંચદેવ યુવક મંડળ દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ નિમિત્તે પંચદેવ યુવક મંડળ દ્વારા ભગવાનને અત્યંત પ્રિય તેવી વાંસળીને અનુલક્ષી વાંસના વૃક્ષને ઉછેરવા રોપાની વાવણી કરાશે જયારે ભગવાન કૃષ્ણ જે ડાળી પર બેઠા હતા તે કદંબનુ વૃક્ષ અને બ્રહ્મા વિષ્ણુ મહેશ જયાં વસે છે તવા વડના વૃક્ષ, કૃષ્ણ પ્રિયા શ્યામ તથા રામ તુલસી,બોરસલ્લી, સોપારી સહીતના વૃક્ષોનુ વાવેતર કરાશે. આ અંગે પંચદેવ યુવક મંડળના પ્રમુખ અતુલભાઈ નાયકે જણાંવ્યા મુજબ વૃક્ષારોપણના કાર્યક્રમ દરમિયાન પણ કોરોનાની ગાઈડલાઈનનુ યોગ્ય પાલન થાય તેની તકેદારી રાખવામાં આવશે.

### ભગવાનના નેત્રનુ પટબંધન ખોલાયુ રથમાં સુદર્શન ચક્ર પ્રસ્થાપિત કરાયુ



ભગવાન જગન્નાથજીની રથયાત્રાની પુર્વ સંધ્યાએ ભગવાન જગન્નાથજીના નેત્રોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. . ભગવાનના નયનોનુ પટબંધન ખોલવામાં આવ્યુ હતુ. ભગવાનની દ્રષ્ટી સમક્ષ નૈવેધ્ય ધરાવ્યા હતા ત્યારબાદ સોળશોપ્ચાર મહાપુજન તેમજ સુદર્શન ચક્રની પ્રાણ પ્રતિષ્ઠા પુજા યોજવામાં આવી હતી. શુભ મુહર્તમાં સુદર્શન ચક્ર રથ મધ્યે પ્રસ્થાપિત કરવામાં આવ્યુ છે. ભગવાનના રથમાં પ્રતિષ્ઠીત સુદર્શન ચક્રના યજમાન તરીકે સે-૨૨ ના જાણીતા વેપારી કાલીદાસભાઈ પટેલે સહયોગ આપ્યો હતો. રથયાત્રાના આયોજન માટે પંચદેવ મંડળના યુવકોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ભગવાનના રથને સુશોભિત કરવા માટે પણ ટીમ કામે લાગી હતી.

### ખૂણેખાંચરેથી

- વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા આગામી ૧૫ થી ૧૯ દરમ્યાન જિલ્લા પંચાયત કચેરીની દફતર ચકાસણી હાથ ધરવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં વી.આઈ.પી. વીઝીટ હોય એટલે હરકતમાં આવેલ મનપાની ઢોરપકડ પાર્ટીએ ૮ જેટલા રખડતા પશુઓને પકડી પાડેલ છે.
- જિલ્લાના અધિકારીઓ આજે સાંજે કેન્દ્રીય ગૃહમંત્રીની તેમના વિસ્તારની મુલાકાતે હોવાથી જે સ્થળોએ કાર્યક્રમ થવાના છે ત્યાં તૈયારીઓને આખરી ઓપ આપવા પહોંચ્યા હતા.
- ગુજરાત યુનિ.ની ૨૭મીથી ઓફલાઈન પરીક્ષાઓનો આરંભ થશે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦ કેન્દ્રો ખાતે ૪૫૦૭ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે ૨૭૬૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગરના કલોલ, માણસામાં આજે સારો વરસાદ થયો છે જો કે ગાંધીનગરમાં પણ હળવો વરસાદ નોંધાયો છે.

# આજે કેન્દ્રીય ગૃહ-સહકારિતા મંત્રી અમીત શાહ ગાંધીનગરના પ્રવાસે

## નારદીપુરમાં તળાવના બ્યુટીફીકેશનનો આરંભ કરાવી ૫૦ જેટલા કાર્યોનું લોકાર્પણ કરશે : ગાંધીનગર સિવિલમાં ઓક્સિજન પ્લાન્ટનું પણ લોકાર્પણ કરશે, મુખ્યમંત્રી-પ્રદેશ પ્રમુખની સાથે અડાલજમાં શારદા-મણિ કોમ્યુનીટી હોલનું ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર, તા. ૧૧

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા વિભાગના મંત્રી તેમજ ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહ આજે ગાંધીનગર આવી રહ્યા છે.

અમદાવાદ જગન્નાથ મંદિર ખાતેની મંગળા આરતી પછી તેઓ કલોલ તાલુકાના નારદીપુર ગામે આવશે. અહિ તેઓ ૨૦૦ વર્ષ જુના હેર તળાવના બ્યુટીફીકેશન કામગીરીનો આરંભ કરાવશે તેમજ ૫૦ જેટલા કામોનું લોકાર્પણ કરશે. રૂ. ૨૮ કરોડથી પણ વધુ ખર્ચે તૈયાર થયેલા આ કામોમાં નારદીપુર ગામે જલ સે જલ યોજના અંતર્ગત બનેલ નવીન ટાંકી તેમજ સંપનું લોકાર્પણ કરશે ઉપરાંત વિવિધ માર્ગો જે બન્યા છે તેનુ લોકાર્પણ કરશે.

આ પછી શાહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પ્રતિ મિનિટ ૫૦૦ લીટર ઓક્સિજન ઉત્પાદન કરતા પ્લાન્ટનું લોકાર્પણ કરશે.

તેઓ ફોરેન્સીક સાયન્સ યુનિ. ખાતેના કાર્યક્રમમાં પણ હાજરી આપી લોકાર્પણ કરશે.

બપોરે તેઓ રાજભવન ખાતે કોરોના મહામારીમાં નોંધપાત્ર યોગદાન આપનાર વોરિયર્સનું ધન્યવાદ જ્ઞાપન પત્ર એનાયત સમારોહમાં હાજર રહી વોરિયર્સને સન્માનિત કરશે. સાંજે તેઓ અડાલજ સ્વામિનારાયણ મંદિર સંચાલિત શારદા-મણિ કોમ્યુનીટી સેન્ટરનું ઉદ્‌ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે. શાહે ગાંધીનગર સંસદીય વિસ્તારને આદર્શ સંસદીય વિસ્તાર બનાવવા માટે દ્ષ્ટિ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તેઓ વિકાસની ખૂટતી કડીઓને સાંકળવાનો અભિગમ રાખે છે. તેમણે તેમના સંસદીય મતવિસ્તારોના તળાવોના રિચાર્જ તેમજ બ્યુટીફીકેશન અને ઈન્ટરલીંકેજ કરવાનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

નારદીપુર ખાતે ૨૦૦ વર્ષ જુના હેર તળાવનું બ્યુટીફીકેશન સી.એસ.આર. ફંડમાંથી હાથ ધરવામાં આવી રહ્યું છે. તંત્રએ આ માટેની તૈયારીઓ પૂરજોશમાં હાથ ધરી હતી અને આજે મોડી સાંજ સુધી તેને આખરી ઓપ આપ્યો હતો.

કોરોના મહામારીમાં ઓક્સિજનની વધેલી ડિમાન્ડને ધ્યાને રાખી સિવિલ હોસ્પિટલમાં આ પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો છે. જે પ્રતિ મિનિટ ૫૦૦ લીટર ઓક્સિજનનું ઉત્પાદન કરશે.

# પેથાપુર ચરેડી નજીક લીકવીડ ક્લોરિનેશન પ્લાન્ટમાં લિકેજીસ થયુ

## છ જણાને અસર થતાં હોસ્પિટલ ખસેડાયા

ગાંધીનગર, તા. ૧૧

પેથાપુર ચરેડી પાણીની ટાંકી પાસે ગઈકાલે રાત્રે લીકવીડ ક્લોરિનેશન પ્લાન્ટમાં લિકેજ થતાં બે બાળકો સહિત ૭ લોકોને તેની અસર થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે છેલ્લા બે દિવસથી પેથાપુર રોડ પરની સોસાયટીના રહીશો મોડી સાંજે ખરાબ વાસ હોવાની ફરિયાદ કરતા હતા તેમજ આંખો બળવાની પણ ફરિયાદ હતી. ગઈકાલે રાત્રે સાડા નવ વાગ્યાની આસપાસ આ વાસ તીવ્ર બનતાં સોસાયટીઓના રહીશોએ ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાનો સંપર્ક કર્યો હતો. ડૉ. ચાવડાએ આ બાબતે જિલ્લા કલેક્ટર તેમજ કોર્પોરેશનના અધિકારીઓને જાણ કરી તપાસ કરાવવા માટે રજુઆત કરી હતી. હરકતમાં આવેલ મનપાના તંત્રએ ત્યાં ફાયરબ્રિગેડની ટીમ રવાના કરી હતી. જ્યાં તપાસ કરતાં લીકવીડ ક્લોરિનેશન પ્લાન્ટના વાલ્વમાં લિકેજ જણાયુ હતુ. આ પછી વાલ્વ બંધ કરી દેતાં પરિસ્થિતિ હળવી બની હતી. મળતી વિગતો પ્રમાણે આ લિકેજીસને કારણે બે બાળકો સહિત છને અસર થતાં હોસ્પિટલ લઈ જવાયા હતા. બે બાળકોને રહીશોએ ૧૦૮ બોલાવી હોસ્પિટલ ખસેડ્યા હતા.

# કૃષ્ણનું રૂપ અને મોટી આંખો જોઇને નારદ મુનિએ કહ્યું, તમારૂં આ રૂપ લોકોને બતાવો

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રા સાથે સંકળાયેલો એક મહત્વનો તહેવાર એટલે રથયાત્રા. ભારતમાં ગુજરાતી પંચાગ પ્રમાણે અષાઢ સુદ બીજના દિવસે આ તહેવાર મનાવવામાં આવે છે. ભગવાન જગન્નાથનું મૂળ મંદિર ઓરિસ્સાના જગન્નાથ પુરીમાં આવેલું છે. સમગ્ર દેશમાં પુરી અને અમદાવાદની રથયાત્રા મશહૂર હોય છે. પ્રતિદિન ભક્તો દર્શન કરવા ભગવાન પાસે જાય છે પરંતુ આ દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને ભક્તો પાસે જાય છે. કોરોના મહામારીમાં ગયા વર્ષે રથયાત્રા નિકળી શકી ન હતી પરંતુ આ વર્ષે કેસ ઘટતાં સરકારે કેટલાક પ્રતિબંધોને આધિન રથયાત્રા યોજવાની મંજૂરી આપી છે. રથયાત્રા હવે તો ગુજરાતના અન્ય શહેરોમાં પણ યોજાય છે. રથયાત્રા અંગે અનેક લોકવાયકા છે. કેટલાક લોકો માને છે કે કૃષ્ણની બહેન સુભદ્રા તેના પિયર આવે છે ત્યારે ભાઈઓ સાથે નગરમાં ભ્રમણ કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે. બીજી એક માન્યતા અનુસાર ગુંડીચા મંદિર સ્થિત દેવી કૃષ્ણની માસી છે જે ત્રણેય ભાઈ-બહેનને ઘરે આવવાનું આમંત્રણ આપે છે અને તેઓ ૧૦ દિવસ રોકાય છે. ત્રીજી માન્યતામાં રાજા કંસ રથ મોકલીને કૃષ્ણને બોલાવે છે ત્યારે તેઓ ત્રણેય રથમાં બેસીને મથુરા જાય છે. કેટલાકનું માનવું છે કે કંસનો વધ કરીને કૃષ્ણ મથુરાની જનતાને દર્શન આપવા ભાઈ અને બહેન સાથે રથમાં નિકળે છે.

### અમદાવાદની રથયાત્રા ૧૪૩ વર્ષથી નિકળે છે, જે જગન્નાથ પુરી પછીની બીજી સૌથી જૂની રથયાત્રા છે ...

**ભગવાન કૃષ્ણ સંકોચાઇ ગયા, આખ મોટી થઇ...**

એવી પણ વાયકા છે કે ભગવાન કૃષ્ણ તેમના ભાઈ બલરામ સાથે દ્વારકા બહાર ગયા હતા ત્યારે કૃષ્ણ ભગવાનની ૧૬૧૦૮ રાણીઓએ બલરામની માતા રોહિણીને પૂછ્યું કે અમે કૃષ્ણ ભગવાનની આટલી સેવા કરીએ છીએ છતાં કૃષ્ણ આખો દિવસ રાધાનું નામ કેમ લેતા હોય છે, ત્યારે રોહિણી માતા બોલ્યા કે, જો કૃષ્ણ અને બલરામ રાજમહેલમાં ન પ્રવેશે તો હું તમને કહું. રાણીઓએ વિચાર કરીને સુભદ્રાને દરવાજાની બહાર ધ્યાન રાખવા ઉભા રાખ્યા અને કહ્યું કે કોઈને અંદર પ્રવેશ કરવા દેતા નહીં. પછી રોહિણી માતાએ કથા શરૂ કરી હતી. સુભદ્રા દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા ત્યારે કૃષ્ણ અને બલરામ પાછા આવ્યા તો એમણે જોયું કે સુભદ્રા દરવાજા પર કાન રાખીને ઉભા છે. એ બન્ને રાજમહેલમાં પ્રવેશવા ગયા ત્યારે સુભદ્રાએ તેમને રોક્યા. આ સમયે તેઓ બન્ને પણ દરવાજા પાસે કાન રાખીને કથા સાંભળવા લાગ્યા હતા. અચાનક ભક્તિભાવના કારણે ત્રણેયના હાથ અને પગ સંકોચાઈ જવા લાગ્યા,આંખો મોટી થવા લાગી ત્યારે કૃષ્ણ ભગવાનને મળવા નારદ મુનિ દ્વારકા આવ્યા ત્યારે તેમણે જોયું કે કૃષ્ણના હાથ-પગ સંકોચાઈ ગયા હતા અને આંખો મોટી થઈ હતી. નારદ મુનિએ કૃષ્ણને કહ્યું કે તમારૂં આ રૂપ જગતને બતાવો. આ સાંભળી કૃષ્ણએ આ રૂપ ત્રેતાયુગમાં જગતને બતાવવાનું વચન આપ્યું હતું. આ કથાએ રથયાત્રાને જન્મ આપ્યો.

**પુરીની રથયાત્રામાં અદ્દભૂત શણગાર હોય છે...**

જગન્નાથ એટલે કે કૃષ્ણ, સુભદ્રા અને બલરામની મૂર્તિઓનું મંદિરમાં આખું વર્ષ પૂજન કરવામાં આવે છે પરંતુ વર્ષમાં એકવાર અષાઢી બીજના દિવસે ત્રણેય મૂર્તિઓને મોટા રથમાં પધરાવી નગરચર્યા કરાવવામાં આવે છે. રથયાત્રા કાષ્ટના મોટા પૈડાંવાળા બનાવવામાં આવે છે. દર વર્ષે આ પૈડાં બનાવવામાં આવે છે. આ રથને ભક્તો દ્વારા ખેંચવામાં આવે છે.પુરીના જગન્નાથનો રથ ૪૫ ફુટ ઉંચો અને ૩૫ ફુટના ચોરસ ઘેરાવો ધરાવે છે જેને બનાવતાં બે મહિનાનો સમય લાગે છે. પુરીના ચિત્રકારો તેમજ કલાકારો આ રથના વિશાળ પૈડાંઓ કાષ્ટમાંથી કોતરેલા રથ અને ઘોડાઓ પર ફુલપાંખડીઓ અને અન્ય આકૃત્તિ ચિતરે છે અને સુંદર રીતે શણગારે છે. રથના સિંહાસનની પિઠીકા પર પણ ઉલટા કમળફુલોની આકૃત્તિઓ ચિતરવામાં આવે છે. આ રથયાત્રાને ગુંડીયા યાત્રા પણ કહેવામાં આવે છે. ભગવાનના રથના ૧૬, બલરામના રથના ૧૪ અને સુભદ્રાના રથના ૧૨ પૈડાં હોય છે.

**સમ્રાટ કે ભક્ત વચ્ચે કોઇ ભેદભાવ હોતો નથી...**









રથયાત્રા સાથે સંકળાયેલી ખાસ નોંધપાત્ર વિધિ ‘છેરા પહેરા’ની છે. જેમાં તહેવાર દરમિયાન, ગજપતિ રાજા સફાઈ કામદારનો પહેરવેશ સજી અને મૂર્તિઓ તથા રથની આસપાસની જગ્યા પાણી વડે ધોવાની વિધિ કરે છે. તે ઉપરાંત રથયાત્રાનાં આગમન પૂર્વે રાજા, અત્યંત ભક્તિભાવથી, સોનાનાં હાથાવાળા સાવરણાથી રથયાત્રાનો માર્ગ વાળે છે તેમજ તે પર સુખડકાષ્ટનું સુગંધી જળ અને પાવડર છાંટે છે. રિવાજ પ્રમાણે, ગજપતિ રાજા એ કલિંગ સામ્રાજ્યનો સર્વોચ્ચ હોદ્દેદાર અને મહાનુભાવ વ્યક્તિ ગણાય છે, તે પણ જગન્નાથજીની સેવામાં નાનામાં નાનું કામ પણ કરે છે અને એ દ્વારા આશય એવો સંદેશ આપવાનો હોય છે કે ભગવાન જગન્નાથ સમક્ષ મહાશક્તિશાળી સમ્રાટ કે સામાન્ય ભક્ત વચ્ચે કોઈ ભેદ હોતો નથી.

**બે દિવસ સુધી ચેર પહરની વિધિ હોય છે...**

ચેરપહરની વિધિ બે દિવસ સુધી કરવામાં આવે છે. જ્યારે મૂર્તિઓને મૌસીમાં મંદિર લઈ જવાય ત્યારે અને જ્યારે મૂર્તિને ફરી શ્રીમંદિર લાવવામાં આવે ત્યારે એમ કુલ બે દિવસ સુધી ચેર પહરની વિધિ કરવામાં આવે છે. અન્ય એક વિધિમાં મૂર્તિઓને મંદિરથી રથ પર પધરાવવાની હોય છે જેને પહાંદી વિજય કહેવાય છે. રથયાત્રાના તહેવારમાં, મૂર્તિઓને જગન્નાથ મંદિરેથી રથમાં ગુંડિચા મંદિરે લઈ જવાય છે. જ્યાં તે નવ દિવસ સુધી રહે છે. તે પછી, મૂર્તિઓ ફરી રથ પર બિરાજીને શ્રીમંદિરે પધારે છે એને ‘બહુડા યાત્રા’ કહે છે. આ પરત વેળાની યાત્રામાં ત્રણે રથ મૌસીમાં મંદિરે વિરામ લે છે અને ત્યાં ભાવિકો ‘પોડા પીઠા’ (જે બહુધા ગરીબ લોકોના મુખ્ય ખોરાક સમો એક પ્રકારનો રોટલો હોય છે)નો પ્રસાદ લે છે.

### માત્ર ભારતમાં જ નહીં વિદેશોમાં પણ રથયાત્રાનું મહત્વ, પુરાણોમાં પણ અદ્દભૂત રથયાત્રાનો ઉલ્લેખ છે ...

**પુરાણોમાં પણ રથયાત્રાનું વર્ણન આવે છે...**

જગન્નાથની આ રથયાત્રા છેક પુરાણ કાલિન હોવાનું જણાય છે. બ્રહ્મ પુરાણ, પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણમાં આ રથયાત્રાનું આબેહુબ વર્ણન જોવા મળે છે. કપિલ સંહિતામાં પણ રથયાત્રાનો ઉલ્લેખ મળે છે. મુઘલ કાળ દરમિયાન પણ, જયપુર, રાજસ્થાનના રાજા રામસિંહે પણ ૧૮મી સદીમાં પુરી ખાતે યોજાતી જગન્નાથજીની રથયાત્રાનું વર્ણન કરેલું છે. ઓડિશામાં, મયુરભંજ અને પર્લાખેમુંડીના રાજાઓ પણ પુરીની જેમ જ રથયાત્રાનું આયોજન કરતા હતા.

**પશ્ચિમી જગત પણ રથયાત્રાથી અજાણ નથી...**

ઈ.સ. ૧૧૫૦ની આસપાસ ગંગા સામ્રાજ્યનાં રાજકર્તાઓ મહાન મંદિરોની પૂર્ણતા સમયે રથયાત્રાનું આયોજન કરતા હતા. હિન્દુઓનાં કેટલાંક તહેવારોમાંનો આ એક એવો તહેવાર છે જેનાથી પશ્ચિમી જગત બહુ પહેલેથી જાણકારી ધરાવતું હતું. અર્થાત, આ તહેવાર ખુબ જ જૂના કાળથી વિશ્વના અન્ય લોકોમાં પણ જાણીતો બનેલો છે. પોર્ડેનોનનાં ફરિયાર ઓડોરિક નામનાં પ્રવાસીએ ઈ.સ.૧૩૧૬-૧૩૧૮ દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી, માર્કો પોલો પછી આશરે ૨૦વર્ષે તેણે ૧૩૨૧માં લખેલી પોતાની યાત્રા નોંધમાં વર્ણવ્યું છે કે, લોકો પોતાનાં પૂજ્યને (મૂર્તિઓને) રથમાં પધરાવતા પછી રાજા, રાણી અને બધાં લોકો તેમને ‘ચર્ચ’ (મંદિર)માંથી ગાતાં વગાડતા લઈ જતા હતા.

**અમદાવાદની રથયાત્રા ૧૪૩ વર્ષથી યોજાય છે...**

### અમદાવાદની યાત્રાની લંબાઇ ૧૪ કિલોમીટર છે પરંતુ ગાંધીનગરની યાત્રાની લંબાઇ ૩૧ કિલોમીટર છે ...

અમદાવાદમાં અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન થાય છે. આ શહેરમાં ૧૪૩ વર્ષથી રથયાત્રા યોજાય છે. જમાલપુરમાં આવેલાં ૪૦૦ વર્ષ જૂના જગન્નાથ મંદિરમાંથી સવારે રથયાત્રાનો પ્રારંભ થાય છે અને ૧૪ કિલોમીટરનું અંતર કાપી મંદિરમાં પરત આવે છે. આ રથયાત્રાના એક પખવાડીયા પહેલાં, એટલે કે જેઠ માસની પૂનમના દિવસે જગન્નાથનો સ્નાન ઉત્સવ (જલયાત્રા) યોજાય છે. આ પ્રસંગે મંદિરમાં રહેલી મૂર્તિઓને સરઘસ સ્વરૂપે સાબરમતી નદીના કિનારે પવિત્ર સ્નાન માટે લઈ જવાય છે. આ યાત્રામાં ૧૮ થી ૨૦ હાથીઓ સાથે હજારો ભક્તો, માથે પીતળનાં પાણી ભરેલા ઘડા લઈને જોડાય છે. સ્નાન પછી મૂર્તિઓને સરસપુરના રણછોડજી મંદિરે લઈ જવાય છે અને ત્યાં વિરામ પછી જગન્નાથ મંદિરે પરત લાવી હજારો શ્રદ્ધાળુઓની હાજરીમાં મહાઅભિષેક કરવામાં આવે છે.

**પુરી પછીની સૌથી જૂની અમદાવાદની યાત્રા છે...**

અમદાવાદની રથયાત્રા પુરીની રથયાત્રા પછીની દ્વિતિય ક્રમની સૌથી મોટી અને સૌથી જૂની રથયાત્રા ગણવામાં આવે છે. ૧૮૭૮થી નિકળતી આ યાત્રા ૧૪ કિલોમીટર લાંબી હોય છે. છેલ્લા દોઢ વર્ષથી રથયાત્રાને કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. ગયા વર્ષે રથયાત્રા યોજાઈ ન હતી પરંતુ આ વર્ષે કેસ ઓછાં થતાં રથયાત્રા નિકળશે પરંતુ કડક નિયંત્રણો લાગુ કરી દેવામાં આવ્યા છે. વડોદરાના ઈસ્કોનમાં યોજાતી રથયાત્રા બીજા નંબરે આવે છે. એવી જ રીતે સુરતમાં પણ ઈસ્કોન મંદિરથી રથયાત્રા નિકળે છે જ્યારે ગાંધીનગરમાં ૧૯૮૫થી નિકળતી રથયાત્રાની લંબાઈ ૩૧ કિલોમીટરની છે તે સૌથી લાંબી કહેવાય છે. હવે તો ઓરિસ્સાના વતની એવા અમદાવાદમાં વસતા પરિવારોએ અડાલજ પાસે બનાવેલા જગન્નાથ મંદિરમાંથી પણ રથયાત્રા નિકળે છે.

**ભારતની બહાર પણ રથયાત્રા યોજાય છે...**

ભારતની બહાર પણ અનેક દેશોમાં વર્ષોથી રથયાત્રાનું આયોજન થાય છે જેનો શ્રેય ઈસ્કોનનાં સંસ્થાપક આચાર્ય એસી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદને જાય છે. અમેરિકાનાં લૉસ એન્જેલિસ, ન્યુ યોર્ક, સાન ડિયેગો, સાન ફ્રાંસિસ્કો વગેરે શહેરો ઉપરાંત ઈંગ્લેંડનાં લંડન, બર્મિંગહામ, કોવેન્ટ્રી, બ્રાઈટન, વગેરે શહેરો તથા પૅરિસ, ટોરેન્ટો, બુડાપેસ્ટ વગેરે અનેક શહેરોમાં ઈસ્કોન દ્વારા જુન-જુલાઈ મહિનામાં રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ રથયાત્રા પાશ્ચાત્ય દેશોની પ્રણાલીને અનુસરતા તથા ત્યાંના કાયદાઓનું પાલન કરતા મોટેભાગે શનિ-રવિવારે યોજવામાં આવે છે. એવી જ રીતે બાંગ્લાદેશમાં પણ રથયાત્રા યોજવામાં આવે છે. બંગાળી ભાષામાં રથને રોથ કહેવાય છે તેથી બાંગ્લાદેશમાં ધમરોઈ જગન્નાથ રોથ કહેવાય છે. આ સ્થળે મૂળ ઐતિહાસિક રથ હતો તે પાકિસ્તાનના સૈન્ય દ્વારા ૧૯૭૧માં બાળી નાંખવામાં આવ્યો હતો ત્યારપછી ભારતની સહાયથી નવા રથનું નિર્માણ કરવામાં આવેલું છે.